# 'નારદપુરાણ ' માં પ્રતિપાદિત : યુગધર્મ એક અધ્યયન

ચૈતન્ય ડી. ત્રિવેદી
રીસર્ચ સ્કોલર,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજ. યુનિવર્સીટી, પાટણ

ડૉ. સમીરકુમાર પ્રજાપતિ
એસો. પ્રોફેસર,(સંસ્કૃત વિભાગ)
સંશોધન માર્ગદર્શક,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજ. યુનિવર્સીટી, પાટણ

**૧. ભૂમિકા**

ભારતીય ગ્રંથો વિવિધ વિષયો સાથે જોડાયેલ છે. જેમાં મીમાંસા, ન્યાય, વેદાંત વગેરેનું જ્ઞાન તે ઋષિ પરંપરા દ્વારા આપણ ને પ્રાપ્ત થાય છે. તેમાં પણ વેદાંતમાં જ્યોતિષ તે તો સટીક ભૌગોલિક અને અંતરીક્ષનું જ્ઞાન વળી તેના માટે વિશેષકાલ માપ સમયની રચના પણ અદ્‌ભુત પ્રાપ્ત થાય છે.નારદપુરાણમાં મહર્ષિ મૂકુંડ તેઓ પોતાના પુત્ર માર્કંડેયને જે શ્રીહરિના અંશ હતા, જ્યાં સુધી શ્રીહરિ સ્વયં સુતેલા હતા ત્યાં સુધી માર્કંડેય ઉભા હતા.તે સમયનું કાળમાપ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. જેમાં પંદર નિમેષની એક કાષ્ટ કહેવાય છે. ત્રીસ કલાની એક ક્ષણ કહેવાય છે.ને છ ક્ષણનીં એક ઘડી માનવામાં આવી છે. બે ઘડીનું એક મુહુર્ત તથા ત્રીસ મુહુર્તનો એક દિવસ થાય છે. ત્રીસ દિવસનો એક માસ થાય છે. એક માસમાં બે પક્ષ હોય છે. બે માસની એક ઋતુ અને ત્રણ ઋતુનું એક અયન માનવામાં આવેલ છે. બે અયનનું એક વર્ષ થાય છે, જે દેવતાઓના એક દિવસ અથવા અહોરાત્ર છે. ઉત્તરાયણ દેવતાઓનો દિવસ છે ને દક્ષિણાયન તેમની રાત્રી છે. મનુષ્યના એક દિવસના બરાબર પિતૃઓનો એક દિવસ હોય છે. બારહજાર દિવ્યવન એક દૈવતયુગ થાય છે. બે હજાર દેવતાયુગ બરાબર બ્રહ્મને એક અહોરાત્ર થાય છે.તે મનુષ્ય માટે સૃષ્ટિ અને પ્રલય બંને મળીને બ્રહ્માને દિનરાત રૂપે એક કલ્પ છે. ઈકોતેર દિવ્યચાર યુગને એક મન્વન્તર થાય છે; ચૌદ મન્વન્તરથી બ્રહ્માને એક દિવસ પૂરો થાય છે. બ્રહ્મનો જેટલો દિવસ મોટો હોય છે તેટલી જ મોટી રાત્રી હોય છે. બ્રહ્માની રાત્રીના સમયે ત્રણેય લોકનો નાશ થઇ જાય છે. આમ મનુષ્ય વર્ષની ગણતરી પ્રમાણે (ચારહજાર યુગ)નો બ્રહ્માનને એક દિવસ થાય છે. એવા જ ત્રીસ દિવસનો એક માસ અને બારમાસનું એક વર્ષ થાય છે. એવા સો વર્ષે તેમનું આયુષ્ય પૂરું થાય છે.તેમના કાલમાન પ્રમાણે તેમનું સંપૂર્ણ આયુષ્ય બે વર્ષનું હોય છે.બ્રહ્માના બે પરાર્ધ વર્ષને ભગવાન વિષ્ણુના માટે એક દિવસ સમજવો, તેટલી મોટી તેમની રાત્રી પણ સમજવી, મહર્ષિ મૂકુંડ તેઓના પુત્ર માર્કંડેય તેટલા સમય સુધી વિષ્ણુ શક્તિથી બળવાન થઈને સુકા પાંદડાની જેમ ઉભા હતા. તે સમયે તેઓ શ્રી હરિની પાસે પરમતત્વનું ધ્યાન કરતા ઉભા હતા,[1] નારદપુરાણમાં વર્ણિત મન્વંતર કાળ નિરૂપણ..

[1] ના.પુ.પુ.ભાગ,અ.5/ 21-33

| | |
|---|---|
| **15 નિમેષ -1 કાષ્ઠા** | **30 મુહુર્ત -1 દિવસ** |
| **30 કાષ્ઠા -1 કલા** | **30 દિવસ -1 માસ (2 -પક્ષ)** |
| **30 કલા -1 ક્ષણ** | **2 માસ -1 ઋતુ** |
| **6 ક્ષણ-1 ઘડી** | **3 ઋતુ -1 અયન** |
| **2 ઘડી -1 મુહુર્ત** | **2 અયન - 1 વર્ષ** |

એક અયન દેવનો દિવસ અથવા અહોરાત્ર ઉત્તરાયણ દેવતાઓનો દિવસ અને દક્ષિણાયન તેમની રાત્રી છે. આમ બાર હજાર દિવ્ય વર્ષોનો એક દૈવતયુગ થાય છે.આ યુગ શબ્દ ઋગ્વેદમાં જુદી જુદી અભિવ્યક્તિમાં વ્યક્ત કરવામાં આવ્યો છે. વૈદિક કાળમાં ત્રણ યુગનું વર્ણન છે.આમ ઈકોતેર યુગનું વર્ણન કર્યું છે. નારદમુનીએ ચાર યુગ સ્પષ્ટ કર્યા છે.આ ચાર યુગ હજાર દેવી વર્ષોને એક યુગ અથવા દૈવી યુગ જેવા છે.

**12 હજાર દિવ્ય વર્ષો-1 દૈવતયુગ**
**2 હજાર દૈવતયુગ - 1 બ્રહ્માનો દિવસ – રાત્રી (14 મનુકાળ)**
**71 દૈવતયુગ -1 મન્વંતર**
**4 હજાર માનુષ યુગ -1 બ્રહ્માનો દિવસ**
**30 બ્રહ્માના દિવસ - 1 બ્રહ્માનો માસ**
**12 બ્રહ્માના માસ -1 બ્રહ્માનું વર્ષ**
**2 બ્રહ્માના પરાર્ધ વર્ષ-1 દિવસ કે 1 રાત્રી વિષ્ણુની**

નારદ મતાનુસાર ચારેય યુગોનો સમય તેતાલીસ લાખ વીસહજાર મનુષ્ય વર્ષ સમાન કહેવામાં આવ્યો છે. તેમાં સત્તરલાખ અઠ્યાવીસહજાર વર્ષ સતયુગ (કૃતયુગ), બારલાખ છાસઠહજારવર્ષ ત્રેતા, આઠલાખ ચોસઠ હજાર દ્વાપર અને ચાર લાખ બત્રીસ હજાર વર્ષ કળીયુગ એમ વિભાજીત કરવામાં આવ્યા છે. તેમણે ચારેય યુગના ધર્મ વગેરેનું લક્ષણ આપેલ છે; જેમાં યુગના ઈકોતેર ચક્ર ભ્રમણ થતા એક મન્વંતર જેમાં ચૌદમનુ કે એક હજાર ચાર યુગોનું પરીભ્રમણ થાય છે, ત્યારે એકકલ્પ થાય છે. જે બ્રહ્માનો એક દિવસ છે.મન્વન્તરમાં ચૌદમનુ હોય છે. જે ક્રમથી સ્વાયમ્ભુવ, સ્વરોચીત, ઉત્તમ, તામસ, રેવત, કાકુસ, વૈવસ્વત, સૂર્યસાવર્ણી, દક્ષસાવર્ણી, બ્રહ્મસાપર્ણી, ધર્મસાવર્ણી, રુદ્રસાવર્ણી, રુક્માન, બહુત્ય, સમસ્ત પુરાણો[2]માં ચૌદ મનુઓના નામ અને સંખ્યા પ્રાપ્ત થાય છે.

બ્રહ્મપુરાણમાં ફક્ત ભવિષ્યમાં થનાર ચાર મનુ (સાવર્ણી, રૈમ્ય, રોક્ય, અને મેરુ સાવર્ણી )નું વર્ણન કરવામાં આવ્યું છે. મત્સ્યપુરાણમાં ઉપરના ચાર સિવાય- શ્રુત, શ્રુતધામ અને વિશ્વકસેનાનું નામ સ્પષ્ટ થાય છે.

નારદપુરાણમાં ચૌદમનુ સિવાય તેમના ઈન્દ્ર અને મન્વન્તરનું વર્ણન પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. આમ મન્વન્તરનું સૂક્ષ્મતાથી વર્ણન કરવામાં આવ્યું છે. બધાજ મનુ અને ઈન્દ્ર, તેજ, લક્ષ્મી, પ્રભાવ અને બળ સમાન જ હોય છે. સૌ પ્રથમ સ્વાયમ્ભુવ મનુ સમયમાં દેવતા લોકો યામના નામથી પ્રસિદ્ધ છે. તેમના પરમ બુદ્ધિમાન ઈન્દ્ર શચીપતી નામથી પ્રસિદ્ધ હતા. સ્વરોચીત મન્વન્તરમાં પરાવત અને તૃષિત નામથી દેવતા હતા. દેવતાઓના સ્વામી વિપશ્ચીત ઈન્દ્ર હતા. તે બધાજ પ્રકારથી સમૃદ્ધ હતા. ઉત્તમ નામના મન્વન્તરમાં

[2] વિ.પુ.3/2/160,કૂર્મ.પુ.1/53/26-31,51 /4-5

સુશાંતિ નામથી પ્રસિદ્ધ ઈન્દ્ર હતા. તેમના સુધામા, સત્ય, શિવ અને પ્રહર્દન નામના દેવતા હતા. ચોથા મન્વન્તરમાં સુપાર, હરિ, સત્ય અને સુધી આ દેવતા થયા. તે દેવતાઓના ઈન્દ્રનું નામ શિવી હતું. રેવત મન્વન્તરમાં અમિતાભ દેવતાઓના વિથુ નામના પાંચમાં ઈન્દ્ર થયા. છઠા મન્વન્તરમાં આર્ય વગેરે દેવતા થયા તેમના ઈન્દ્રનું નામ મનોજય હતું. સાતમાં વૈવસ્વત મન્વન્તરમાં આદિત્ય, વસુ તથા રુદ્ર વગેરે દેવતા છે અને સંપૂર્ણ ભોગોથી સંપન્ન ઈન્દ્ર પુરંદર નામથી વિખ્યાત પ્રતિપાદિત થાય છે. આઠમાં સૂર્યસાવર્ણી મન્વન્તરમાં અપ્રમેય તથા સુતવ વગેરે થનાર દેવતા સ્પષ્ટ થયા છે. દક્ષસાવર્ણી મન્વન્તરમાં પાર વગેરે દેવતા થશે. તેમના ઈન્દ્રનું નામ અગૃદ્ધ  થશે. સુવાસન વગેરે દેવતા અને શાંતિ નામના ઈન્દ્રથી યુક્ત દશમાં મનુ બ્રહ્મસાવર્ણી થશે. ધર્મસાવર્ણી મન્વન્તરમાં વિહંગમ વગેરે દેવતા વૃષ નામથી પ્રસિદ્ધ થશે. તેરમાં મન્વન્તરમાં રોચક અથવા રોચમાન નામના મનુ થશે. તેમના પરાક્રમી ઈન્દ્રનું નામ દિવસ્વપી  કહેવામાં આવશે, સુતામા વગેરે દેવતા થશે. ચૌદમાં ભૈત્ય મન્વન્તરમાં ચાક્ષુષ આદી દેવતા થશે. તેમના ઈન્દ્ર સૂચી નામથી પ્રસિદ્ધ થશે.આ બધાને કોષ્ટકમાં સ્પષ્ટ કરવામાં આવ્યા છે.[3]

| **મનુના નામ** | **દેવતા** | **ઈન્દ્ર** |
|---|---|---|
| સ્વાયમ્ભુવ | યામ | શચીપતી |
| સ્વરોચીત | પારાવત, તૃષિત, | વિપશ્ચીત |
| ઉત્તમ | સુધામા, સત્ય,શિવ, પ્રતર્દન | સુશાંતિ |
| તામસ | સુપાર, હરિ, સુધી, સત્ય | શિવી |
| રેવત | અમિતાભ | વિભુ |
| કાક્ષુસ | આય | મનોજય |
| વૈવસ્વત | આદિત્ય, વસુ, રુદ્ર | પુરંદર |
| સૂર્યસાવર્ણી | અપ્રમેય, સુતવ | વલિત |
| દક્ષસાવર્ણી | પાર | અન્ધુત |
| બ્રહ્મસાવર્ણી | સુવાસન | શાંતિ |
| ધર્મસાવર્ણી | વિહંગમ | વૃષ |
| રુદ્રસાવર્ણી | હરિત | ઋતુધામ્ય |
| રોચ્યમાન (રુક્માન) | સુત્રામા | દિવસ્પતી |
| બહુત્ય (ભૈત્ય) | ચાક્ષુષ | સૂચી |

આ બધા મનુ બ્રહ્માજીના એક દિવસમાં અધિકારનો ઉપભોગ કરે છે. બધાજ લોકમાં અને સ્વર્ગમાં એક જ પ્રકારના મનુ વગેરે છે. નારદપુરાણમાં મહાત્મા  સુધાર્માએ સ્વયં પોતે પણ સ્થિતિ અનુસાર જણાવ્યું છે કે સો કરોડ વર્ષ સુધી સ્વર્ગમાં રહ્યા હતા. તેમની સામે ચાર મનુ થઈ ગયા. તેમણે  બ્રહ્મલોકમાં રહેતા સમયે ઘણા બધા બ્રહ્મા આવ્યા અને ચાલ્યા ગયા.[4]  આમ, સૃષ્ટિમાં નિત્યપ્રતિ પરિવર્તન થી એજ સારાંશ મળે છે કે નારાયણનું ભજન કરવું જ શ્રેષ્ઠ છે.[5]

---

[3] ના.પુ.પુ.ભાગ,અ.1/40

[4] ના.પુ.પુ.ભાગ,અ.40/40-43

[5] એજન.40/53-54

## ૨. નારદપુરાણમાં યુગ પ્રમાણ

નારદપુરાણમાં યુગવિષયક માહિતી સનકમુની દ્વારા આપવામાં આવી છે.[6] કૃત(સત)યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, અને કલિયુગ એમ ચાર યુગ છે. દિવ્યબારવર્ષ સુધી આ ચારયુગ રહે છે ચારેય યુગના સંધ્યા અને સંધ્યાંશકાળ નિયમપૂર્વક થાય છે અને સમય અનુસાર તેમની ઓળખ થાય છે. સૌપ્રથમ સતયુગ, ત્યારબાદ ત્રેતા અને દ્વાપરયુગ આવે છે. ક્રમથી અંતે કલિયુગ અંતિમયુગ આવે છે.

### *૨.૧ સતયુગ*

સતયુગમાં દેવતા, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને નાગ આ સર્વમાં ભેદ ન હતો, તે સમયે તે બધા દેવતાઓના જેવા સ્વભાવના હતા. તે બધા પ્રસન્ન અને ધર્મનિષ્ઠ અને બળવાન હતા.ક્રય – વિક્રયમનો વ્યવહાર તે સમયે થતો ન હતો. તે સતયુગમાં વેદોનો વિભાગ ન હતો એટલે એકજ વેદ હતો.[7] બ્રાહ્મણો, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર બધાજ પોતાના આચાર – વિચારના પાલનમાં તત્પર રહેતા હતા.તે બધાજ કામનાસકત ન હતા અને શમ આદિ ગુણોમાં હંમેશા તત્પર રહેતા હતા. તેઓ ધર્મસાધનામાં પ્રેમી, અસૂયા અને દંભથી હંમેશા દુર રહેતા હતા. બધાજ લોકો સત્યનું પાલન કરનાર આશ્રમધર્મને અનુસરનાર તેમજ વેદાધ્યયન પારાયણ અને શાસ્ત્રોના જ્ઞાતા હતા.[8] તેઓ આશ્રમધર્મ ના સકામકર્મોનું ફળ પ્રાપ્ત કરતા હતા.[9] સતયુગમાં નારાયણ સફેદ રંગના અને નિર્મળહોય છે.[10]

### *૨.૨ ત્રેતાયુગ*

ત્રેતાયુગમાં ભગવાન વિષ્ણુનો વર્ણ પીળો થઈ જાય છે. ભગવાનના શરીરનો વર્ણ લાલ થઈ જાય છે. તે સમયે લોકોને થોડુંક કલેશ થવા માંડે છે. ધર્મ એક પાદથી રહિત થઈ જાય છે, તે સમયમાં બધા ક્રિયાયોગમાં તત્પર રહે છે, બધાજ લોકો યજ્ઞોનું અનુષ્ઠાન કરે છે. બધા સત્યવ્રત, ધ્યાન પારાયણ તેમજ હંમેશા મનુષ્ય ઈશ્વર ભક્તિમાં તલ્લીન રહેવા લાગે છે.[11]

### *૨.૩ દ્વાપરયુગ*

દ્વાપરયુગમાં ધર્મ બે ચરણનો જ રહે છે. હરિસ્વયં પીળા રંગના થઈ જાય છે. બંને વેદોનો વિભાગ થઈ જાય છે. કેટલાક દ્વિજ જાતિના લોકો પણ અસત્ય વ્યવહાર કરવા લાગે છે અને બ્રહ્માણ આદી વર્ણના લોકો પણ દુર્ગુણોમાં ફસાઈ જાય છે. કેટલાક સ્વર્ગ અને મુક્તિ માટે યજ્ઞ કરે છે. તો કેટલાક ધન માટે ઈચ્છુક તો કેટલાક હૃદયની પીડાથી ભરાયેલ યજ્ઞ કરે છે.[12] દ્વાપરમાં ધર્મ અને અધર્મ બરાબર હોય છે. પ્રજા અધર્મના કારણે ક્ષીણ થાય છે. કેટલાક મનુષ્ય અલ્પઆયુષ્યવાળા થાય છે. તો કેટલાક પુણ્યકારીની નિંદા કરતા થાય છે.[13]

---

6 એજન.41/ 2
7 એજન.41/7- 8
8 એજન.41/9-11
9 એજન.41/12
10 એજન.41/13
11 એજન.41/14-15
12 એજન.41/16-18
13 એજન.41/18-20

### *૨.૪ કલિયુગ*

કલિયુગ આવતા ધર્મનું એક ચરણ શેષ રહે રહે છે. આ તામસયુગ આવતા જ હરિપણ કળા રંગના થઈ જાય છે. જો કોઈ ધર્મજ્ઞ યજ્ઞ કરે છે અથવા પુણ્યાત્મા ક્રિયાયોગનું પાલન કરે છે. તો લોકો તેનાથી ઈર્ષ્યાકરી નિંદા કરતા થાય છે. કલીયુગમાં બધાજ વ્રત આચરણ, જ્ઞાનયજ્ઞ  વગેરે નષ્ટ થઇ જાય છે. અધર્મ વધવાથી વિવિધ પ્રકારના ઉપદ્રવ થવા લાગે છે. જેથી બધાજ દંભ અને અસુયામાં લાગ્યા રહે છે. આમ કલીયુગમાં મનુષ્ય અલ્પ આયુવાળો થાય છે.[14]

કલીયુગમાં શ્રીહરિ કાળારંગના થાય છે અને ધર્મનષ્ટ થાય છે. આજ કારણથી કલીયુગ તે ઘોરયુગ છે. આ યુગમાં પાપોની ચરમ સીમા દેખાય છે.તે નગ્ન નૃત્ય કરતો હોય તેમ પ્રતિપાદિત થાય છે. બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય, શુદ્ર ધર્મથી વિમુખ થતા કલીયુગમાં તે વેદવિમુખ થાય છે. સર્વલોકો કપટ અને અસુયામાં વિશેષજ્ઞ બને છે. પંડિત ખોટા અહંકારથી દુષિત થઈને સત્યથી વિમુખ થાય છે. સર્વલોકો કલીયુગમાં પોતાને ઉત્તમ સિદ્ધ કરવા પ્રયત્ન કરી વિવાદ કરશે .અધર્મ કરવા પડા પડી કરશે.[15]

મનુષ્ય અલ્પઆયુવાળા હોવાથી વિદ્યાનું અધ્યયન કરવું સંભવ થતું નથી. આથી અવિદ્યા ઉત્પન્ન થવાથી અધર્મ વધે છે, ધર્મ વ્યતિક્રમના કારણે  સર્વજન પાપકર્મ કરે છે,અને અકાળે મૃત્યુને પામે છે,[16] બ્રાહ્મણ ઈત્યાદી વર્ણ પરસ્પર વર્ણ દોષથી દુષિત  થશે. બધાજ ક્રોધયુક્ત અને લોકોને કષ્ટ આપવામાં કુશળ બનશે. બધાજ વર્ણ શુદ્ર વર્ણ સમાન થશે. ઉત્તમ નીચ અને નીચ ઉત્તમ બનશે. [17] રાજા ફક્ત ધનનું અપહરણને જ પોતાનું કર્તવ્ય સમજી અન્યાયનો વ્યવહાર કરી પ્રજાને પીડા આપી. અનેક પ્રકારના કર  લઈને ધન લેશે. દ્વિજજાતી શુદ્રના મડદા લઈ જશે અને  સ્ત્રીગમનની ઈચ્છામાં લાગેલા રહેશે.[18]

કલીયુગમાં લોકો માછલી ,માંસ, ખાઈને અને અનુચિત ધનોર્પાર્જન કરવામાં ખચકાટ અનુભવશે નહિ. આમ ઘોરકલીયુગમાં લોકો પાપકર્મમાં લાગેલા રહેશે. લોકો સજ્જનોની નિંદા અને તેમનો ઉપહાસ કરશે, અન્ન ઉત્પન્ન કરવાની શક્તિ નહિ રહે અને સ્ત્રીઓ વેશ્યાની વેશભૂષાને અનુસરનારી બનશે. બ્રાહ્મણે પોતાનો ધર્મ અને સ્ત્રી સતિત્વ વહેંચશે. બ્રાહ્મણ વેદને વેચશે અને શુદ્ર સમાન આચરણ કરશે.[19] બ્રાહ્મણવર્ણ એટલા ધનલોલુપ થશે કે વ્રતનું પાલન ન કરીને પણ સાધુઓ અને સ્ત્રીઓની પાસેથી ધન લુંટશે. તેઓ ધર્મનું આચરણ છોડી વ્યર્થ વાતોમાં ધ્યાન આપશે. તેઓ દંભની દૃષ્ટિથી પિતૃશ્રાદ્ધ  તેમજ વિવિધ ક્રિયાઓ કરશે. દુષ્ટલોકો ફક્ત કુપાત્રને જ દાન આપશે. લોકો લોભ વશ ગાયનું પાલનપોષણ કરશે, બ્રાહ્મણ સ્નાન, શૌચ, વગેરે કર્મશાસ્ત્ર અને સમય અનુસાર નહિ કરે. કલીયુગમાં લોકો સજ્જન બ્રાહ્મણોની નિંદા કરશે અને કોઈનું પણ મન વિષ્ણુભક્તિમાં નહિ લાગે. [20]  દ્વિજવર્ણ યજ્ઞ કરનાર રહેતા નથી. બધા ધનના લોકોમાં રાજસેવક બને છે.

---

[14] એજન.41/21-25

[15] એજન.41/29-32

[16] એજન.41/33-34

[17] એજન.41/35

[18] એજન.41/36-37

[19] એજન.41/40- 43

[20] એજન.41/44-48

કાળો બ્રાહ્મણ થતા લોકો તેને મારે છે. ઘોરકલીયુગમાં આવતા માણસો દાન આપતા નથી. બ્રાહ્મણો પતિત પાસેથી પણ દાન લે છે.[21]\

કલીયુગના પ્રથમ ચરણમાં જ મનુષ્ય હરિના નામની નિંદા કરવા લાગે છે. યુગના અંતે કોઈ પણ મનુષ્ય ભગવાનનું નામ લેશે નહિ. મનુષ્ય શુદ્ર સ્ત્રી અને વિધવાને પણ ભોગવાની અપેક્ષા રાખે છે. કલીયુગમાં બ્રાહમણ શુદ્રના અન્નનું ભક્ષણ કરશે.[22] અધમ, પાખંડી લોકો બ્રાહ્મણ વેશધારણ કરી પાખંડ કરશે. ચાર આશ્રમોની નિંદા કરનાર થશે. શુદ્ર દ્વિજાતીની સેવા નહિ કરે. કપટમાં કુશળ એવા શુદ્ર પ્રવચન કરશે.બ્રાહ્મણ પોતાના કુળના આચાર –વિચાર છોડી પારકાના ઘરનું ધાન ખાશે. દુષ્ટ શુદ્રો સંન્યાસી બનશે અને તેનાથી પોતાની આજીવિકા ચલાવશે. કળીયુગમાં લોકો ખોટી કમાણી લેશે અને દુષ્ટ લોકો ધર્મનો ઉપદેશ કરશે.[23]

કલીયુગમાં મનુષ્ય ધર્મ વિધ્વંશક, દરીદ્ર, કપટી વેષધારણ કરી વ્યર્થ જ અહંકાર કરનાર અને પારકાનું ધનપ્રાપ્ત કરનાર બનશે. બધાજ લોકો આત્મસ્તુતિ કરનાર, નિંદા કરનાર, વિશ્વાસઘાતી, ક્રૂર, દયાથી શૂન્ય બની પાપને ગ્રહણ કરનાર થશે.[24] કલીયુગમાં મનુષ્ય સાત કે આઠ વર્ષ સુધી જ યુવાન રહેશે. ત્યારબાદ વૃદ્ધ થઈ જશે. બ્રાહ્મણ કુળનો આચાર-વિચાર છોડનાર, ત્યાગી, કૃતજ્ઞ, કુલ-પ્રતિકુળ, વ્યવહાર કરનાર અને ફક્ત ભિખ માંગનાર થશે. તેઓ બીજાના ઘરમાં જ પ્રસન્ન રહેનાર થશે. પોતાની વાતથી ધાક જમાવવાનો પ્રયત્ન કરશે અને પિતા, માતા, પુત્ર એક બીજાથી નિંદા કરશે.બધાજ લોકો ધન, વિદ્યા અને યુવાવસ્થાના મદમાં રહીને બીજાને પીડા, અતિમાયાવી અને મદમાં રહીને રોગ અને દુર્ભિક્ષથી પીડાયેલ રહેશે. તેઓ પોતાના દુષ્કર્મને સમર્થન આપતા ફરશે.[25]

કલીયુગમાં લોકો ધર્માચાર્યના ઉપદેશનો તિરસ્કાર કરશે, ધર્મકાર્યમાં રુચી રાખનાર વ્યર્થ અહંકાર રાખનાર થશે. રાજામ્લેચ્છ જાતિના રહેશે, શુદ્ર ભિક્ષુક સાધુ બનીને ભીખ માંગશે અને દ્વિજજાતિ તેની સેવા કરશે. મર્યાદા રહેશે નહિ. કલીયુગમાં અંતિમભાગમાં ધનવાન પણ ભીખ માંગશે,[26] દ્વિજધર્મની આડમાં અધર્મનું આચરણ કરશે અને મુનિવેશ ધારણ કરી પ્રવચન કરશે. મનુષ્ય નિષિદ્ધ વસ્તુઓ વેચશે. વેદનિંદા, ધર્મશાસ્ત્રોની આલોચનામ બ્રાહ્મણો શુદ્રવૃત્તિથી જ જીવન નિર્વાહ કરશે. અનાવૃષ્ટિથી પીડાઈને મનુષ્ય વારંવાર આકાશ તરફ જોશે. લોકો ભૂખથી પીડાઈને પત્તા અને કંદમૂળનું સેવન કરશે. બધાજ લોકો કામી, નીચી ઊંચાઈવાળા, હત્યારા, અધર્મનું સેવન કરનાર થશે. સ્ત્રીઓ ભૂખ-તરસ માટે થઈને વેશ્યાવૃત્તિમાં જોડાશે, તે લોકોના ઘરમાં રહેનારી થશે અને દુષ્ટોને ઈચ્છનારી થશે. કુલીનસ્ત્રી પુરુષો માટે ખરાબ વ્યવહાર કરશે. [27]

---

21 એજન.41/49-50
22 એજન.41/51-52
23 એજન.41/53-58
24 એજન.41/60-64
25 એજન.41/65-69
26 એજન.41/72-73
27 એજન.41/74-80

કલીયુગમાં લોકો ચોરથી ડરીને વાડ બનાવી રક્ષા કરશે. અને ઘઉં અને જુવારવાળા સમૃદ્ધ દેશમાં ચાલ્યા જાશે.તે અન્ન અને સમ્માન માટે પોતાના લોકોને શિષ્ય બનાવશે. સ્ત્રીઓ વડીલોની આજ્ઞાનું ઉલ્લંઘન કરશે, દ્વિજ જયારે ધૂર્ત સાથે પાખંડ કરશે ત્યારે કલીયુગની ભયાનકતાનું અનુમાન થશે.[28] જ્યારે બ્રાહ્મણો યજ્ઞ કરવાનું છોડીદે ત્યારે સમજવું કે કલિયુગ આવી ગયો છે. આ યુગમાં દાન દિન થઈ જશે. દાનનો પ્રભાવ નષ્ટ થઈ જશે, પરંતુ કલીયુગમાં એક દિવસ અને એક રાત્રી શુભકાર્યથી ફળ મળે છે. આ યુગમાં શ્રી હરિની ભક્તિ કરનારને કલીયુગના પ્રભાવની અસર થતી નથી. 'ॐ नमो नारायणाय' મંત્ર બોલનાર શ્રીવિષ્ણુ, શિવની ભક્તિ કરનારને કલીયુગ લાગતો નથી. આમ હરિ ભક્તિ કરનારને પાપ લાગતું નથી. દુષ્ટો માટે હરિભક્તિ આ સંસારમાં દુર્લભ છે.[29]

આમ, નારદપુરાણમાં ચારયુગો, મન્વન્તર, ઇન્દ્ર, દેવતાનું વર્ણન અને વિશેષ કલીયુગની ચર્ચા પ્રતિપાદિત કરવામાં આવ્યું છે.

**સંદર્ભ સૂચી**

૧. નારદપુરાણ
૨. વિષ્ણુપુરાણ
૩. કૂર્મપુરાણ

[28] એજન.41/81-86
[29] એજન .41/87-110